## મત્સ્યોદ્યોગ પ્રવૃતિઓની ઝાંખી




**સંકલન**

ડૉ. રીતેશ વી. બોરીચાંગ, નોડલ ઓફીશર, ફીશરીઝ કોલેજ, નવસારી

પ્રો. હરેશ જી. સોલંકી, મદદનીશ પ્રાધ્યાપક, ફીશરીઝ કોલેજ, નવસારી

પ્રો. પ્રકાશ પી. પટેલ, વિષય નિષ્ણાંત ફીશરીઝ, કે.વી.કે., નવસારી

પ્રો. જેસીંગ જી. વાંઝા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (ફીશરીઝ)


# મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય નવસારીની રૂપરેખા




## મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય

પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય

નવસારી કૃષિ યુનિવર્સિટી,

એરૂ ચાર રસ્તા, પોસ્ટ એરૂ એ.સી., તા.જલાલપોર,

નવસારી–૩૯૬૪૫૦

ફોન :(02637) 282771-75


વર્ષ ૨૦૧૫–૧૬

# મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

ગુજરાતનાં ૧૬૦૦ કિલોમીટર દરીયાકાંઠા પૈકી દક્ષિણ ગુજરાતને ૩૦૦ કિલોમીટર લાંબો દરિયાકાંઠો, ૨૭૪ જેટલા નાના–મોટા જળાશયો, વિપુલ પ્રમાણમાં ગામ તળાવો, ૧૧ જેટલી બારમાસી નદીઓ તથા ૬૦,૦૦૦ હેક્ટર જેટલા ભાંભરાપાણીના વિસ્તાર વગેરેની કુદરતી ભેટ મળેલી છે, જે મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ લાખો કુટુંબોનું ભરણ પોષણ પૂરૂ પાડે છે.

ગુજરાતનાં આંતરદેશીય મત્સ્ય ઉત્પાદનમાં દક્ષિણ ગુજરાતનો ફાળો ૫૫ થી ૬૦ % જેટલો છે. દક્ષિણ ગુજરાતમાં ૬ જેટલી માછલીઓની હેચરી ઉપલબ્ધ છે તેમાંથી ગુજરાતનાં કુલ મત્સ્યબીજ ઉત્પાદનનું લગભગ ૮૦ થી ૯૦ % મત્સ્યબીજ ઉત્પાદન થાય છે. આ ઉપરાંત રાજયનાં કુલ ભાંભરાપાણીનાં ઝીંગપાલનને અનુકૂળ વિસ્તાર (૮૯,૦૦૦ હે) પૈકી દક્ષિણ ગુજરાતમાં લગભગ ૭૫–૭૮ % વિસ્તાર ઉપલબ્ધ છે. જે પૈકી હાલ લગભગ ૪,૫૦૦ હે જેટલા વિસ્તારમાં ઝીંગાપાલન થઈ રહેલ છે. આમ આ પ્રદેશ આંતરદેશિય અને ભાંભરાપાણીનાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે **'એકવાકલ્ચર હબ'** તરીકે ઉભરી રહેલ છે. ભવિષ્યમાં ભાંભરાપાણીના કુલ સંભવિત વિસ્તાર (૭૦,૦૦૦ હે) માં ઝીંગાપાલન કરવામાં આવે ત્યારે, મત્સ્ય તજજ્ઞો, મત્સ્ય નિષ્ણાંતો અને નવિનતમ તાંત્રિકતાઓની જરૂરીયાત ઉભી થશે. આ જરૂરીયાતોને પહોંચી વળવા મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, નવસારી દ્વારા શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃતિઓ હાથધરવામાં આવશે અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રે રાજયમાં 'ભૂરી ક્રાંતિ' સ્થાપવામાં સહભાગી થશે.

મત્સ્યોદ્યોગનાં દ્વારા રોજગારી અને વિકાસ નેધ્યાનમાં રાખી ગુજરાત સરકારશ્રી દવારા પ્લાન યોજના અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને ચાલુ વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન ટ્રાયબલ એરીયા સબપ્લાન (ટી.એસ.પી.) હેઠળ કૃષિ શિક્ષણની નવી યોજનાઓ અંતર્ગત**'ફીશરીઝ સાયન્સ કોલેજ '** મંજૂર થયેલ છે.

દક્ષિણ ગુજરાતમાં મત્સ્ય ઉત્પાદન અને જાળવણી વિશેનું શિક્ષણ અને તાંત્રિક માર્ગદર્શન નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા મળશે. આમ ફીશરીઝ કોલેજથી દક્ષિણ ગુજરાતના મત્સ્યોદ્યોગની ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે તેમજ આદિવાસી / દરિયાકાંઠાના લોકોને મત્સ્યપાલન વ્યવસાય દ્વારાઆવકમાં વધારો કરવાની તકો ઉભી કરી નિયમિત રોજગારી પુરી પાડી આર્થિક સધ્ધરતામાં વધારો કરી શકાશે. જેના લીધે તેઓમાં પોષણ ક્ષમતા અને ગુણવત્તા ઉંચી આવશે અને મત્સ્યોદ્યોગને બમણો વેગ મળશે. આમ, મત્સ્યપાલન અને મત્સ્યવ્યવસાયના વિકાસ માટે મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય દક્ષિણ ગુજરાતના લોકોની શિક્ષણની જરૂરિયાતને પૂરી પાડશે.

**ફીશરીઝ કોલેજનાં હેતુઓ**

- સંસ્થાનો મુખ્ય ઉદેશ મત્સ્ય વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ દ્વારા મત્સ્ય નિષ્ણાંતો પ્રશિક્ષિત કરી ગુજરાતનાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રેની જરૂરીયાતને સંતોષવી.
- મત્સ્યોદ્યોગ ક્ષેત્રે વિસ્તારની જરૂરીયાતને અનુરૂપ મીઠાપાણી, ભાંભરાપાણી, દરિયાઈ એકવાકલ્ચર પર સંશોધનો હાથ ધરવા.
- મત્સ્યોદ્યોગને લગતી તાંત્રિકઓનો પ્રચાર અને પ્રસાર.

**સ્નાતક કક્ષાનો શૈક્ષણિક કાર્યક્રમ**

- **પ્રવેશ ક્ષમતા** – પ્રથમ વર્ષ : ૧૫ વિદ્યાર્થીઓ
- **પ્રવેશ લાયકાત** – ૧૨ સાયન્સ (બાયોલોજી ગ્રુપ)
- **સેમેસ્ટર પધ્ધતિથી શિક્ષણ** – આઈ.સી.એ.આર. મુજબ કુલ ૮ સેમેસ્ટર (૪ વર્ષ) ડીગ્રી કોર્ષ
- ઓડીયો–વિઝ્યુલ સંશાધનનો, અધ્યતન પ્રયોગશાળાઓ, નિદર્શન તળાવો અને કોમ્પ્યુટર દ્વારા વિદ્યાર્થીઓને વિશિષ્ટ પ્રકારનું શિક્ષણ
- રાજયમાં તથા રાજય બહાર શૈક્ષણિક પ્રવાસ
- જીંગાનાં તળાવો, હેચરી, ફીશ પ્રોસેસીગ ઈન્ડસ્ટ્રીઝ વગેરેમાં વિદ્યાર્થીઓને ઈન્ટર્નસીપ

**રોજગારીની તકો**

**સરકારી ક્ષેત્રે**

- ફીશરીઝ ડીપાર્ટમેન્ટ
- કૃષિ યુનિવર્સિટી
- આઈ.સી.એ.આરની સંસ્થાઓ
- નેશનલાઈઝ બેંક
- રાષ્ટ્રીય કક્ષાની ફીશરીઝ સંસ્થાઓ

**પ્રાઈવેટ ક્ષેત્રે**

- ફીશ પ્રોસેસીગ પ્લાન્ટ
- મત્સ્ય/જીંગા ફીડ પ્લાન્ટ
- મત્સ્ય/જીંગા ફાર્મ
- મત્સ્ય/જીંગા હેચરી
- પ્રાઈવેટ બેંક
- એન.જી.ઓ.
- મત્સ્ય/જીંગા ફાર્મ આધારીત ઈનપુટસનું માર્કેટીંગ અને સેલ્સ

**સ્વરોજગારી**

- મત્સ્ય/જીંગા તળાવો અને હેચરી
- મત્સ્ય/જીંગાની નર્સરી
- મીઠાપાણીનાં જીંગા પાલન
- ફીડ મીલ પ્લાન્ટ
- રંગીન માછલીઓનો ઉછેર અને વેચાણ
- ફાર્મીગ અને કન્સલ્ટન્સી
- એકવા લેબોરેટરી સર્વિસીઝ